જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૦૪/૨૦૧૭ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૭૨૨/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૬૮ લીટર દેશી દારૂ, ૧૭ બોટલ ઇંગ્લીશ દારૂ, ૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૨૬ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૬૪,૫૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૭૨૩/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૫૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડી અને વિશ્વાસઘાતની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૭૨૪/૧૭

**નરોડાઃ** સુર્યકાંત ઈશ્વરલાલ વાઘેલા (ઉ.વ.૪૪) (રહે.શ્યામદિપ રો-હાઉસ પાર્થ ટેનામેન્ટ પાસે નરોડા) એ તા.૬/૪/૧૭ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૧૧/૧૬ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે મોબાઇલ નં.(૧) ૯૮૨૩૧૨૪૪૯૭ તથા ૯૭૦૯૧૫૬૩૨૧ ના ધારકે સુર્યકાંતભાઈના મોબાઈલ ફોન ઉપર ફોન કરી સુર્યકાંતભાઈના બેન્કનો ખાતા નંબર, ડેબીટકાર્ડ નંબર તેમજ પીન નંબર જાણી લઈ ખાતામાંથી રૂપિયા ૩૬,૨૦૯/- ટ્રાન્ઝેક્શન કરી લીધા હતા. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર બી રાણા ચલાવે છે.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૭૨૫/૧૭

**નિકોલઃ** સુસેશભાઇ ગોવિંદભાઇ પારેખ (રહે. પુરષોત્તમનગર વિભાગ-૪ વિરાટનગર નિકોલ) એ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૬/૪/૧૭ રાતના ૨/૩૦ થી કલાક ૫/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૯,૧૦૦/- મળી કુલ રૂપિયા ૧,૦૩,૬૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી રામસિંહ મોતીસિંહ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>સોનાની ચેઈન ખેંચી તોડી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૭૨૬/૧૭</u>**

**ખોખરાઃ** લલીતાબહેન વા/ઓ ધનરાજ મહાજન (ઉ.વ.૩૭) (રહે. શ્રીનંદ સીટી, વિભાગ-૧, ન્યુ મણીનગર રામોલ) તા.૬/૪/૧૭ બપોરના ૪/૧૫ વાગ્યાના સુમારે ખોખરા રૂક્ષ્મણીબેનના દવાખાના સામેથી રિક્ષામાં પસાર થઈ રહ્યા હતા ત્યારે એક કાળા રંગના પલ્સર મોટર સાયકલ આવેલ (૨૫ થી ૩૦ વર્ષના આશરાના) બે પુરૂષ મોટર સાયકલ રિક્ષા નજીક લાવી લલીતાબહેનના ગળામાંથી મોતીવાળી સોનાની ચેઈન પેંડલ સાથે કિમત રૂપિયા ૨૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ લલીતાબહેન મહાજને ખોખરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.બી.પટેલ ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૭૨૭/૧૭</u>**

**માધવપુરાઃ** રૂબીનભાઈ ડેવીડભાઈ ગોસાલકર (રહે.ન્યુ કામદાર સોસાયટી રાજેન્દ્રપાર્ક,ઓઢવ) એ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૫/૪/૧૭ રાતના ૧૦/૪૫ વાગ્યાના સુમારે રૂબિનભાઈથી નાનો ભાઈ અબ્રાહમભાઈ ડેવીડભાઈ ગોસાલકર દરીયાપુર દરવાજા બહાર દરીયાપુર કોમ્યુનીટી હોલની પાછળના ભાગે મેલડી માતાના મંદિરની બાજુમાંથી મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા ફોર વ્હીલના ચાલકે વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી મોટર સાયકલને ટક્કર મારતા અબ્રાહમભાઈને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ એસ.બી.નિનામા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૭૨૮/૧૭</u>**

**રિવરફ્રન્ટ ઈસ્ટઃ** દશરથભાઇ અમરતભાઇ રબારી (ઉ.વ.૩૦) (રહે. જમનાનગરની ચાલી બજરંગ સોસાયટી સામે બાપુનગર) એ બિમારી થી કંટાળી તા.૬/૪/૧૭ બપોરના ૪/૫૫ વાગ્યા પહેલા નારણઘાટ સુભાષબ્રીજ ઉપરથી સાબરમતી નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રવિણભાઇ અરખાંભાઇ ચલાવે છે.

**રિવરફ્રન્ટ વેસ્ટઃ** રાજેશકુમાર રણછોડલાલ મધવાણી (ઉ.વ.૫૧) (રહે. ન્યુ અન્નપુર્ણા સોસાયટી સરસપુર) એ અગમ્ય કારણસર તા.૬/૪/૧૭ સાંજના ૬/૨૦ વાગ્યા પહેલા સાબરમતી ઘાટ નંબર-૮ નજીક નદીમાં પડી ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હસમુખભાઇ મગનભાઇ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)